થેલેસેમિયાગ્રસ્ત બાળકો માટે ૨૧૪ રક્તદાતાઓનું રક્તદાન

તેલેસેમિયાગ્રસ્ત બાળકોના લાભાર્થે રક્તદાન કેમ્પનું આયોજન ધ લેન્ડમાર્ક, કંસાર રેસ્ટોરન્ટ સામે કુડાસણ ખાતે કરવામાં આવ્યું છે. એસ.આર. પટેલ મેડીકલ ફાઉન્ડેશનના ઉપક્રમે શિવાલય ગ્રુપ અને શ્રી જલારામ અભ્યુદય સદ્‌ભાવના ટ્રસ્ટના ઉપક્રમે શિવાલય ગ્રુપ અને શ્રી જલારામ અભ્યુદય સદભાવના ટ્રસ્ટના શિવાલય ગ્રુપ અને શ્રી જલારામ અભ્યુદય સદ્‌ભાવના ટ્રસ્ટના સહયોગથી આ રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. શ્રી જલારામ અભ્યુદય સદભાવના ટ્રસ્ટ દ્વારા અમદાવાદ ખાતે થેલેસેમિયાગ્રસ્ત બાળકો માટે ડે-કેર સેન્ટર ચલાવવામાં આવે છે. થેલેસેમિયાગ્રસ્ત બાળકોને વારંવાર રક્તની જરૂરીયાત પડતી હોવાથી તેમના લાભાર્થે આ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં ૨૧૪ બોટલ રક્ત એકત્ર કરાયુ હતુ. એસ.આર. પટેલ મેડિકલ ફાઉન્ડેશનના અમિતભાઈ પટેલ અને મિતેશભાઈ પટેલે જણાવ્યુ હતુ કે આગામી દિવસોમાં પણ આવા જ સેવાકાર્યો ચાલુ રહેશે તેવો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો છે.

શહેરમાંથી બે રીક્ષા સાથે રીઢો ચોર ઝડપાયો

ગાંધીનગર, તા.૯

ચરેડી છાપરા પાસેથી રીઢા રીક્ષા ચોરને એલસીબી પોલીસે દબોચી લીધો છે. પોલીસે શખ્સ

પાસેથી બે ચોરીની રીક્ષા પણ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રોર દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા. તે સમયે પોલીસને ચોક્કસ આરોપી અંગે બાતમી મળી હતી કે જેમાં સેકટર-૨૩ છાપરા ખાતે રહેતો યુવક રાહુલ ગુગાભાઈ પટ્ટણી રીક્ષા ચોરી કરવાની ટેવવાળો છે અને તે ચોરીની રીક્ષા લઈને ચરેડી છાપરા પાસે હોવાની બાતમી મળતા પોલીસ પહોંચી ગઈ હતી. જી.જે.૧૮.એ.એક્સ-૬૭૨૬ નંબરની રીક્ષા સાથે આરોપી રાહુલ ઉર્ફે મેહુલ પટ્ટણી મળી આવ્યો હતો. પોલીસે રીક્ષાના જરુરી કાગળો માગતા તે આરોપી શખ્સ ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો. જેથી પોલીસે તેની ઉંડાણપૂર્વકની પુછતાછ કરતા રીક્ષા તેણે ત્રણ દિવસ પહેલા સેકટર-૧૬ આર વર્લ્ડ સામે માર્ગ પરથી ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. પોલીસની પુછપરછમાં આરોપીએ વધુ ૭ રીક્ષા ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. જેમાં આઠેક માસ પહેલા સેકટર-૧૩ ખાનગી પ્લોટની સામે ખુલ્લી જગ્યામાંથી રીક્ષાની ઉઠાંતરી થઈ હતી. તે રીક્ષા અમદાવાદ સરદારનગર ખાતે લઈ ગયો હતો અને ગેસ પુરો થતા જ ત્યાં જ મુકીને આવતો રહ્યો હતો. જે રીક્ષા પોલીસે કબ્જે કરી હતી. સાત માસ પહેલા સેકટર-૧૪ હાઉસીંગ બોર્ડના ફલેટના પાર્કિંગમાંથી રીક્ષા ચોરીને તે ફેરવતો હતો. ગેસ પુરો થઈ જતા રીક્ષા તેણે સેકટર-૧૨ ની ઝાડીમાં મુકી દીધી હતી. પાંચ માસ પહેલા ગાંધીનગર સિવિલમાંથી રીક્ષા ચોરી હતી અને ગેસ પુરો થઈ જતા એસટી ડેપો સામે મુકી દીધી હતી. તેથી વધુ ત્રણ માસ પહેલા સેકટર-૨૧ શાકમાર્કેટ, બે માસ પહેલા સેકટર-૭ કેટેગરી, ચાર દિવસ પહેલા સેકટર-૨૪ શાકમાર્કેટ પાસેથી આરોપીએ રીક્ષાની ચોરી કરી હતી. તમામ રીક્ષાઓ આરોપી ગેસ પુરો થઈ જતા ગમે તે જગ્યાએ મુકી દેતો હતો. પોલીસે આરોપીની પુછતાછ કરતા તેણે જણાવ્યું હતુ કે પોતાને રીક્ષા ફેરવવાનો શોખ છે. રીક્ષા ચોરી કરીને ગેસ પુરો થઈ જાય તે સ્થળે મુકીને જતો રહેતો હતો.

સેકટર-૧૩ માં ઉબડ-ખાબડ માર્ગની સમસ્યાનો ઉકેલ આવ્યો

ગાંધીનગર, તા.૯

પ્રજા સુખ બિન આરામ નહીં.. ના મંત્રને સિધ્ધ કરતા ભાજપના કાર્યકર્તાઓ નગરજનોની સુવિધા માટે સરકારના વિકાસ કાર્યમાં સહયોગ કરતા હોય છે. તે અંતર્ગત રવિવારની રજાના દિવસે પણ ગાંધીનગર મહાનગર પાલિકા વોર્ડ નં.૬ માં સમાવેશ સેકટર-૧૨-૧૩ ના પ્રવેશદ્વાર પર છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા માર્ગના કામને પગલે મોટા ખાડા પડી ગયા હતા. આ ખાડાઓને પગલે પીકઅવર્સમાં નાગરીક ભાઈ બહેનોને આવતા જતા ભારે તકલીફનો સામનો કરવો પડતો હતો. તે ઉપરાંત ટ્રાફિક સમસ્યા પણ સર્જાતી હતી. આ સમસ્યાની જાણ વોર્ડના કોર્પોરેટર પ્રેમલતાબેન મહેરીયા અને પૂર્વ વોર્ડ પ્રમુખ નિલેશ

મહેરીયા સાથે મહાનગર ભાજપ સાંસ્કૃતિક સેલ સંયોજક અને વોર્ડના અગ્રણી વિનોદ ઉદેચા એ ચર્ચા વિચારણા કરી હતી. ત્યારબાદ તાત્કાલીક માટીની ટ્રક મંગાવી અને જેસીબી મશીન દ્વારા જમીન લેવલીંગ કરાવી તે સમસ્યાનો કાયમી ઉકેલ લાવ્યા હતા. તે ઉપરાંત ગંદકી ન કરવા અને ખોટી ભીડ એકઠી ન કરવા માટે લારી-ગલ્લાવાળાઓને સુચન કરી અમલ કરવા તાકિદ કરી હતી. ત્યારે સેકટરની સમસ્યાનો ઉકેલ તાત્કાલીક ધોરણે આવી જતા સ્થાનિક નાગરીકોએ તમામનો આભાર વ્યકત કર્યો હતો.

ખૂણેખાંચરેથી

- આજે જિલ્લાના પ્રભારી મંત્રી હર્ષ સંઘવી જિલ્લાના અધિકારીઓ સાથે કોવિડની સ્થિતિને લઈ સમીક્ષા કરશે.
- જિલ્લા પંચાયતની મુલ્તવી રહેલ અપીલ સમિતિની આજે બેઠક મળશે.
- દહેગામના સાત ગરનાળા વિસ્તારમાં પોલીસ સ્ટેશન સામે એક મકાનમાં શોર્ટ સર્કીટથી આગ લાગતા ઘરવખરીને ભારે નુકશાન થયુ છે.
- સચિવાલયના દરવાજાઓ પાસેની ખુલ્લી જગ્યા પર ફૂલછોડ ઉછેરવાના અભિગમ સાથે વન વિભાગે ત્યાં વાવેતર કર્યુ છે. આને કારણે સચિવાલયનું પ્રવેશદ્વાર આકર્ષક અને મોહક બનશે.
- ગાંધીનગરના છેવાડાના સેક્ટરોમાં કપિરાજ અને રખડતા પશુઓની સમસ્યાથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.
- પંજાબમાં પી.એમ.ની સુરક્ષામાં રહેલી ચૂકને લઈ આજે શહેર ભાજપે સચિવાલય સામે આવેલ ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાએ મૌન ધરણા યોજ્યા હતા.
- ગાંધીનગરમાં ૧૦ અને ૧૧ દરમ્યાન કોલ્ડવેવ રહેશે. ઠંડા પવનના સુસવાટાઓ ધ્રુજાવશે. હવામાન વિભાગે આ ચેતવણી આપી છે.
- ગુડા દ્વારા આજે તેની હદમાં આવેલા ગ્રામ્ય વિસ્તારના સરપંચો સાથે બેઠક કરી વિકાસ કામોના આયોજનની રૂપરેખા તૈયાર કરશે.

બહાર નીકળો તો N95 માસ્ક પહેરવું જરૂરી

અમદાવાદ, તા.૯

શહેર સહિત રાજયભરમાં કોરોના પોતાની પકડ વધુ મજબૂત કરી રહ્યો છે. ત્યારે વધતા કોરોના કહેરથી ડરવા કરતા સાવચેત રહેવાનો સમય આવી ગયો છે. જે પ્રકારે કોરોનાના કેસ સામે આવી રહ્યા છે તે જોતા આગામી ૧૫ દિવસ લોકોએ સાચવવું ખૂબ જ જરૂરી છે. આ ૧૫ દિવસ બતાવશે કે હવે કઈ દિશામાં જવું. એટલું જ નહીં હવે લોકો બહાર નીકળે તો સાદું કપડાંનું માસ્ક પહેરવા કરતા **N95** માસ્ક પહેરવું વધુ હિતાવહ બની રહેશે તેવી અપીલ સિવિલ સુપ્રિટેન્ડેન્ટએ કરી છે.

અડાલજ બાલાપીર સર્કલ પાસેથી ડસ્ટર ગાડીમાંથી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૯

અડાલજ બાલાપીર સર્કલ પાસેથી ડસ્ટર કારમાંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો છે. પોલીસે રૂ.૧.૫૨ લાખનો દારુ, બે મોબાઈલ ફોન અને રૂ.૫ લાખની ડસ્ટર કાર મળી કુલ રૂ.૬.૫૮ લાખ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના પીઆઈ ડી.બી.વાળાને દારૂની હેરાફેરી અંગે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે બાલાપીર સર્કલ પાસેથી નંબર વિનાની ડસ્ટર કાર પકડી પાડી હતી.

પોલીસે કાર ચાલકને તેનુ નામ પુછતા તે અમદાવાદના નિકોલ વિસ્તારમાં વિરાટનગર પુરષોતમનગર વિભાગ-૨ ખાતે ૨૬ વર્ષિય અભિષેક જગમોહન રાજપૂત હોવાનું સામે આવ્યું હતું. પોલીસે ગાડીમાં તપાસ કરતા પાછળની સીટ અને ડેકીમાંથી નાની મોટી દારૂની ૩૭૦ બોટલ અને ૪૮ નંગ બિયરના ટીન મળી આવ્યા હતા. દારુ અંગે પોલીસે કાર ચાલકને પુછતા તેણે બનાસકાંઠાના દાંતીવાડા ખાતેથી ગણેશ નામની વ્યકિત પાસેથી દારૂનો જથ્થો લાવ્યો હોવાનું જણાવ્યું હતું. જયારે આરોપી પોતાના ઘરે દારૂ બિયરનો જથ્થો રાખી છુટક વેચાણ કરવાનો હતો. પરંતુ તે પહેલા પોલીસના હાથે તે ઝડપાઈ ગયો હતો. પોલીસે દારુ, કાર, મોબાઈલ મળી કુલ રૂ.૬.૫૮ લાખ નો મુદ્દામાલ કબ્જે કરી અભિષેક રાજપૂત અને દાંતીવાડાના ગણેશ સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અડાલજ કારમાંથી ચોરી કરનારો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૯

અડાલજ મહેસાણા તરફ જવાના માર્ગ પર ગાંઠીયાની દુકાન સામે પાર્ક થયેલી કારમાંથી વિવિધ ચીજવસ્તુઓ મળીને અંદાજીત રૂ.૮૦ મત્તાની ચોરી થવા પામી હતી.ગત તા.૧૦ ડિસેમ્બરના રોજ અમદાવાદનો પરિવાર પાલનપુર જઈ રહ્યો હતો. તે સમયે અડાલજ ગાંઠીયાની દુકાનમાં નાસ્તો કરવા ગયા હતા. તે સમયે કારને લોક મારવાનું ભુલી ગયા હતા. જેથી ચોર શખ્સ ચોરી કરી પલાયન થઈ ગયો હતો. એલસીબીની ટીમે ચોરી કરનાર આરોપીને પકડી પાડી તેની સામે કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ ઘાટલોડીયા કુંજ ટેનામેન્ટ ખાતે રહેતો કૌશલ વિજયકુમાર શાહ પ્લમબીંગનો વ્યવસાય કરે છે. તેઓ પરિવાર સાથે પાલનપુર તેમના મિત્ર ખબર-અંતર પુછવા માટે જઈ રહ્યા હતા. તે સમયે તેમની બે દિકરીને ભુખ લાગતા કાર અડાલજ પાસે ઉભી રાખી હતી. તે સમયે કાર ને લોક મારવાનું ભુલી જતા ગાડીમાંથી ચોર શખ્સે રૂ.૮૦ હજારની મત્તાની ચોરી કર્યાની ફરીયાદ અડાલજ નોંધાઈ હતી. ત્યારે એલસીબીની ટીમને બાતમી મળી હતી કે અડાલજ બસ સ્ટેન્ડ પાસે ચોરી કરનાર શખ્સ ખોરજ પાસે ઉભો છે. પોલીસ બાતમીવાળી જગ્યાએ જઈ જયુપીટર લઈને ઉભેલા એક શખ્સને પોલીસે પકડી પાડ્યો હતો. જયુપીટરના જરુરી કાગળો માંગતા તે આપી શક્યો ન હતો. જયારે વાહનની તલાસી લેતા તેમાંથી લેડીઝ પર્સ, કાંડા ઘડીયાળ સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ૨૫ દિવસ પહેલા અડાલજ બસ સ્ટેન્ડ પાસે ઉભેલી કારમાંથી પર્સની ચોરી કરી હતી. જેમાં મંગળસુત્ર, મોબાઈલ ફોન, ઘડીયાળ,ની ચોરી કરી હતી. તેનો મિત્ર વિકાસ મુદ્દામાલ લઈ ગયો હતો. જયારે રૂ.૪ હજાર રોકડા અને પર્સ ફરીયાદીને આપ્યું હતું. પોલીસે વાહન સહિત ૨૬,૬૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

ચંદ્રાલા નાકા પોઈન્ટ પર લકઝરી બસમાંથી દારૂ ઝડપાયો

ચિલોડા-હિંતમનગર હાઈ વે માર્ગ પર ચંદ્રાલા નાકા પોઈન્ટ પર ચિલોડા પોલીસ મથકના જવાનો વાહન ચેકીંગની કામગીરી કરી રહ્યા હતા.તે સમયે હિંમતનગર તરફથી આવી રહેલી મહાવીર ટ્રાવેલ્સની બસમાં ડ્રાઈવર-કંડકટરને સાથે રાખી તપાસ કરી હતી. આ બસમાં સામાન મુકવાની ડેકીમાંથી ૮ જેટલા પાર્સલ શંકાસ્પદ હાલતમાં મળી આવ્યા હતા. આ પાર્સલ ખોલીને જોતા તેમાંથી ૬૦ બોટલ દારૂ મળી આવ્યો હતો.આ પાર્સલ જયપુર થી આનંદ પોલીપેક નામથી અમદાવાદના શ્રીનાથ એન્ટર પ્રાઈઝ નામે મોકલવામાં આવ્યા હતા. જેથી ચિલોડા પોલીસે રૂ.૮૯ હજારથી વધુની દારૂની ૬૦ બોટલ જપ્ત કરી દારૂ મોકલનાર અને મંગાવનાર બંને સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અશ્વિનભાઈ કોમર્સ કોલેજનું ગૌરવ

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજમાં એસ.વાય. બી.કોમ.માં અભ્યાસ કરતી કુ. ઈશિતા પરમારે, ઉત્તરાખંડ સ્પોર્ટસ એસોસિએશન દ્વારા મહારાણા પ્રતાપ સ્પોર્ટસ કોલેજ, રાયપુર ખાતે યોજાયેલ ૧૨મી નેશનલ ટેકવાંડો ચેમ્પિયનશીપમાં ૪૬ કિગ્રા કેટેગરીમાં ભાગ લઈ ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.

ચિલોડા ગામમાં જીવદયાપ્રેમી દ્વારા શ્વાન માટે ૧૫૦ કિલોના લાડુ બનાવ્યા

ચિલોડા, તા. ૯

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા ગામે ઉત્તરાયણ પર્વ નિમિત્તે દર વર્ષની પરંપરા મુજબ ગ્રામજનોના લોકફાળા દ્વારા શ્વાન માટે સ્વાદિષ્ટ ચોખ્ખા ઘી-ગોળ-

લોટના લાડુ બનાવી ફેરીએ ફેરીએ વિતરણ કરવાની પ્રથા ચાલી રહી છે. ત્યારે ચાલુ સાલે જીવદયાપ્રેમી દાતાઓના સહયોગથી ચોખ્ખું ઘી, ગોળ અને ઘઉંના લોટનું દાન પ્રાપ્ત થતાં ૧૫૦ કિલોના લાડુ બનાવવામાં આવ્યા હતા. આ લાડુ વિતરણ રીક્ષા દ્વારા ગામના મુખ્ય ફેરીએ ફેરીએ શ્વાનોને લાડુ પીરસવામાં આવ્યા હતા. આમ કડકડતી ઠંડીની ઋતુમાં કૂતરાઓ તેના ગલુડિયાઓને ઠંડીથી રક્ષણ મળે તેવા આશયથી લાડુ કૂતરાઓને ખવડાવી દાન-પુણ્ય કમાવવા યુવાનો હરહંમેશ સેવાયજ્ઞ ચલાવવા આતુર બન્યા છે.

સચિવાલય જીમખાના ખાતે વડાપ્રધાનના દિર્ઘાયુ માટે પ્રાર્થના સભા

તાજેતરમાં પંજાબ ખાતે વડાપ્રધાનના પ્રવાસ દરમ્યાન સુરક્ષામાં સર્જાયેલી ખામીની ઘટનાના ઘેરા પ્રત્યાઘાત દેશભરમાં પડ્યાં છે. ગાંધીનગરના સચિવાલય જીમખાના ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સલામતી તથા દીર્ઘાયુ માટે એક પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાંતઃ પ્રાર્થના સાથે ગાયત્રી મંત્રનું ઉચ્ચારણ કરવામાં આવ્યું હતું. પ્રાર્થના સભામાં જીમખાનાના વરિષ્ઠ સભ્ય અનિલ કક્કડ સહિત અન્ય કાયમી સભ્યો ભાગ્યેશ પટેલ, નીતિન પરમાર, ચિરાગ માછી, રવિ પાટીલ, મહિપાલ રાવ સહિત મહિલા પ્રતિનિધિઓએ હાજરી આપી વડાપ્રધાનને શુભેચ્છાઓ પાઠવી હતી.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



કોરોનાને કારણે રખડતા માણસોનો ત્રાસ ઓછો થઈ ગયો હોય તેમ નથી લાગતું...??

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧